Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-2, September-2022

# ઘટતું જાતિ પ્રમાણઃ એક અભ્યાસ

(ગુજરાતના ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સંદર્ભે)

ભાનુબેન કુમારખાણીયા
Ph.D. Scholar, Department of Lifelong Learning and Extension, Gujarat Vidyapith, Ahmedabad.

ડૉ. સંધ્યાબેન ઠાકર
Guide, Ex. Dean, HoD, Department of Lifelong Learning and Extension, Gujarat Vidyapith, Ahmedabad.

*ટૂંકસાર:*

*હાલ ભારતની વસતિ વિશ્વમાં બીજા ક્રમે આવે છે, જે થોડાં વર્ષો પછી વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બની જશે. તેવા સમયમાં ભારતની પ્રજામાં વસતિ શિક્ષણની સમજ હોવી જરૂરી છે. તેમાં વસતિનાં પરિબળો જન્મદર, મૃત્યુદર, શહેરીકરણ, બેકારી, પરિવાર નિયોજન, જીવનશિક્ષણ, પ્રજનન અને બાળ સ્વાસ્થ્યના બાબતે જાણકારી હોવી જરૂરી છે. વસતિ શિક્ષણ એ મહિલાઓના વિકાસ અને સશક્તિકરણ અને શિક્ષણ ઉપર પણ ભાર આપે છે. વસતિ શિક્ષણમાં બાળકો, કિશોર-કિશોરીઓ, યુવાનો, સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો એમ તમામ વયજૂથના લોકોનો સર્વાંગીણ વિકાસ થાય અને વસતિ નિયંત્રિત રહે એ મુખ્ય ધ્યેય છે. અહીં વસતિ શિક્ષણના ભાગરૂપ એવી સ્ત્રીઓને કેન્દ્રમાં રાખીને વિષય પસંદ કરવાનું વિચારાયું છે. એટલું જ નહીં પરંતુ ભારતનાં ઘણાં રાજ્યો જેવાં કે પંજાબ, હરિયાણા, ગુજરાતમાં સ્ત્રીઓનું પ્રમાણ પુરુષોના પ્રમાણ કરતાં ઘણું નીચું જોવા મળે છે.*

*સ્ત્રીભ્રુણ હત્યાનું દૂષણ અને 1981થી સતત ત્રણ દાયકા વધતું જ રહ્યું. આજે પણ અટકવાનું કે ઘટવાનું નામ લેતું નથી. દેશના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિથી ગામડાંનો સામાન્ય નાગરિક પણ તેની ચિંતા કરતો થયો છે. ટી.વી., ફિલ્મો, વર્તમાનપત્રો, સામાયિકોથી માંડી ગામડાંની દિવાલો ઉપર ભીંતસૂત્રો મારફતે બેટી બચાવો ઝુંબેશનો પ્રચાર થાય છે. ભ્રુણ પરિક્ષણ કાયદો લાવી, પ્રવચનો, આર્થિક યોજનાઓ, સ્ત્રી સન્માન, સ્ત્રી સશક્તિકરણ, બહુમાનના કાર્યક્રમો કરી સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા સર્વ કક્ષાએ સઘન પ્રયત્નો શરૂ કરી દીધા. પરંતુ અપેક્ષિત પરિણામો મળતા નથી.ઉત્પન્ન થયેલી વિપરીત પરિસ્થિતિમાં પણ સમાજ વ્યવસ્થા જળવાય, સલામતી બની રહે અને સુધારાના અપેક્ષિત પરિણામો મેળવવા યોગ્ય માર્ગે પ્રયત્નો થવા અનિવાર્ય છે. વસતિ શિક્ષણ ગુણવત્તાથી જીવન જીવવા પર ખૂબ જ ભાર આપે છે. સ્ત્રી અને પુરુષોની સંખ્યાનું સંતુલન જળવાવું ખૂબ જ જરૂરી છે. પરંતુ આજે સ્ત્રી-પુરુષોની સંખ્યાનું સંતુલન બરાબર જોવા મળતું નથી, જે માનવ સમાજ માટે એક સમસ્યાનો વિષય છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *જાતિ પ્રમાણ, વસતિ શિક્ષણ, જન્મદર, મૃત્યુદર, પરિવાર નિયોજન, પ્રજનન વગેરે.*

## પ્રસ્તાવનાઃ

પ્રસ્તુત સંશોધન અભ્યાસનું શીર્ષક છે "સ્ત્રીઓનું ઘટતું જાતી પ્રમાણઃ એક અભ્યાસ (ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાને કેન્દ્રમાં રાખીને) વિશ્વમાં દરેક દેશોની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ અલગ અલગ હોય છે. દરેક દેશની અંદર તેમજ દરેક રાજ્યોની અંદર પણ વિવિધતા જોવા મળે છે અને વિશ્વના તમામ દેશોમાં અપવાદ બાદ કરતા દિકરાનું મહત્વ વધારે જોવા મળે છે, આનું કારણ એ પણ હોય શકે કે આપણી સાંસ્કૃતિક પરંપરા પુરૂષ પ્રધાન સમાજ વ્યવસ્થા, કુટુંબની જવાબદારી દિકરો જ ઉઠાવે તેવી માન્યતા, દિકરી તો પરણીને સાસરે જાય તો પાછલી ઉંમરમાં દિકરો હોય તો માતા પિતા તથા પરિવારની સંભાળ રાખે તેવી સામાજિક માન્યતાઓ. આવા અનેક કારણોસર સમાજની અંદર દિકરાનું મહત્વ વધારે સ્વીકારવામાં આવ્યું છે.

દિકરાનું મહત્વ સ્વીકારવામાં આવે ત્યાં સુધી કોઈ સમસ્યા ઉત્પન્ન થતી નથી પરંતુ જ્યારે દિકરાને મહત્વ આપીને દિકરીને સ્વીકારવામાં ન આવે અને તેને માતાના ગર્ભની અંદર અથવા જન્મ પછી તુરંત મારી નાખવામાં આવે ત્યારે તે પરિસ્થિતી સમસ્યાનું રૂપ ધારણ કરે છે. સ્વસ્થ સમાજરચના માટે સ્ત્રી અને પુરૂષ બન્નેનું સરખુ જ મહત્વ છે બન્ને સાથે મળી જ સારા સમાજ રચનાનું સંતુલન જાળવી શકે છે, આ ઉપરાંત જો સ્ત્રી કરતા પુરૂષની સંખ્યા વધુ હોય અથવા પુરૂષ કરતા સ્ત્રીની સંખ્યા વધારે હોય એ બન્ને પરિસ્થિતી ચિંતા ઉપજાવે તેવી છે. દુનિયાના દેશોમાં એશિયાના દેશોને બાદ કરતા જાપાન જેવા શિક્ષિત દેશોમાં પણ દિકરી કરતા દિકરાનું

મહત્વ વધારે સ્વીકારવામાં આવે છે, દર 1000 પુરૂષોએ 1000 સ્ત્રીઓ હોય તો તે જાતિ પ્રમાણ સ્ત્રી પુરૂષની સમતુલા જાળવે છે પરંતુ સ્વસ્થ સમાજ રચનાનું પણ નિર્માણ કરે છે.

ભારતમાં 2011ના વસ્તી ગણતરી મુજબ પુરૂષોના પ્રમાણમાં સ્ત્રીઓનું પ્રમાણ ખુબ જ ઘટતુ જોવા મળે છે, એમા પણ હરિયાણા, ગુજરાત, રાજસ્થાન, ચંદીગઢ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર આ બધા રાજ્યોમાં સ્ત્રીઓનું પ્રમાણ પુરૂષોના પ્રમાણ કરતા ઓછુ જોવા મળે છે અને અત્યારે સમગ્ર ભારતમાં બેટી બચાવો બેટી પઢાવો એ દિશામાં સરકાર અને સમાજ દ્વારા જાગૃતિ અભ્યાન ચાલી રહયું છે ત્યારે ગુજરાતની અંદર સૌથી ઓછુ સ્ત્રી સુરત પછી માણસા તાલુકો આવે છે, સુરતની અંદર અને શહેરી વિસ્તારમાં સ્થળાંતર કરેલ કુટુંબો હોવાથી આ સમસ્યા અંગેની માહિતી મેળવવી રાખેલ હોવાથી ત્યાર પછી મહેસાણા જીલ્લાના મહેસાણા અને ઉઝાંમાં સ્ત્રીની સંખ્યા પુરૂષો કરતા સૌથી ઓછી જોવા મળતી હતી પરંતુ જીલ્લાની નવ રચના થતા મહેસાણામાંથી માણસા તાલુકો ગાંધીનગર જીલ્લમાં સમાવિષ્ટ થતા પ્રસ્તુત અભ્યાસ માટેની માહિતી ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના ગામડા ઓમાંથી માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે.

આ સંશોધન અભ્યાસનો હેતુ પ્રસ્તુત અભ્યાસની સમસ્યા જાણકારી પ્રાપ્ત કરી અને સંશોધન અહેવાલ તૈયાર કરવાનો હતો અને જરૂરી સંદર્ભો પ્રાપ્ત કરી આ સંશોધન અભ્યાસ કરવામાં આવેલ છે.

૧૯૨૦માં પૂ. મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠની પ્રવૃતિઓમાં ગ્રામોત્થાન અને વંચિત વર્ગોને હંમેશા અગ્રતાક્રમ આપવામાં આવે છે. ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, અમદાવાદ ખાતે વસતિ શિક્ષણ વિષયમાં વિદ્યાવાચસ્પતિ (Ph.D.)ની પદવી મેળવવાના ભાગરૂપે "ઘટતું જાતિ પ્રમાણઃ એક અભ્યાસ ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાને કેન્દ્રમાં રાખીને" વિષય પર આ શોધ નિબંધ રજૂ કરતા આનંદની લાગણી અનુભવું છું.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વિવિધ ૦૫ પ્રકરણો રજૂ કરી શોધ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રકરણો પૈકી પ્રકરણ-૧માં સંશોધન અભ્યાસની વિષય પસંદગી અને સંશોધન પ્રક્રિયા અંગે પરિચય આપેલ છે. પ્રકરણ-૨માં સંદર્ભ સાહિત્યનો સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય અને સાહિત્ય સમીક્ષા રજૂ કરવામાં આવેલ છે. પ્રકરણ-૩માં સંશોધનની આધારશીલા અને કાર્યક્ષેત્ર પરિચય આપેલ છે. પ્રકરણ-૪માં કોષ્ટકો અને આલેખો દ્વારા માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવેલ છે અને પ્રકરણ-પમાં અભ્યાસના તારણો-નિષ્કર્ષો, ઉપકલ્પનાની ચકાસણી અને સમસ્યા નિવારણ માટેના ક્રિયાત્મક પગલાંઓ દર્શાવવામાં આવે છે. અહેવાલના અંતમાં સંદર્ભસૂચિ અને મુલાકાત અનુસૂચિ દર્શાવવામાં આવેલ છે.

## ૧.૧ સમસ્યા કથન અને વિષય પસંદગી

ભારતમાં બાળકોને મારી નાખવાની પરંપરાગત પ્રથા દૂધ પીતી કરવાના રિવાજ જોવા મળતા હતા. કુટુંબમાં થતા સ્ત્રી સંતાનોના ઉછેરમાં અને તેમના પ્રત્યે નીમ્નોતર કક્ષાનો વ્યવહાર કરવામાં આવે છે. જ્યારે સ્ત્રી પુખ્ત ઉમરની થાય છે ત્યારે દહેજના નામે તેને પરેશાન કરવામાં આવતી.ભૂતકાળમાં માત્ર ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રીઓને બહાર વ્યવસાય કરવા માટે જવા દેવામાં આવતી નહોતી. પરિણામે સ્ત્રીઓને ભારરૂપ ગણવામાં આવતી. આ ભારૂપ સ્ત્રીને પરણનાર પુરુષને તેના બદલામાં જ આપવામાં આવતું. નિમ્ન ગણાતી જ્ઞાતિની સ્ત્રીઓ ખેતરોમાં, બાગ, બગીચામાં કે પશુપાલન, ખેતી વગેરે ક્ષેત્રોમાં કામ કરવા જતી હતી, છતાં પણ તેમના સામાજિક દરજ્જામાં કોઈજ ફેર પડતો નહિ. સ્ત્રીઓ પ્રત્યેના પરંપરાગત અભિગમો અને આધુનિક અભિગમો જાણવા માટે ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે. આ સાહિત્ય પરથી એટલું સ્પષ્ટ

થાય છે કે, પરંપરાગત ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન નીચું હતું. પરંતુ છેલ્લા બે દાયકાથી સ્ત્રીઓના શિક્ષણ , વ્યવસાય , કાયદા વગેરે પરિબળોને પરિણામે સ્ત્રીના સામાજીક સ્થાનમાં સુધારો થયો છે.છતાં પણ સંપૂર્ણ ચિત્ર બદલાઈ ગયું છે તેવું નથી પણ ૧૦ વર્ષ પહેલા જે સ્ત્રીનું સ્થાન હતું તે સ્ત્રીના સ્થાનમાં ઘણો જ સુધારો થયો છે , સામાજીક સ્થાનમાં સુધારો થવાના પરિણામે ભારતમાં સ્ત્રીઓની સંખ્યામાં વધારો થવો જોઈએ, પણ વાસ્તવમાં એવું ન બન્યું ઉલટાનું છેલ્લા બે દાયકામાં બાળકીઓનો નોંધપાત્ર ઘટાડો થયો. ઉપરાંત ગુજરાતના ખેડા, મહેસાણા, સુરત, ગાંધીનગર, આનંદ વગેરે વિસ્તાર ૦ થી ૬ વર્ષની બાળકીઓનું પ્રમાણ ઘટ્યું છે, અને આ તમામ વિસ્તારમાં સાક્ષરતાનો દર ઘણો ઉચો છે,અહી એ સવાલ થાય કે સ્ત્રીઓને કઈ સામાજિક પરિસ્થિતિ ભ્રુણહત્યા કરવા માટે હોસ્પીટલ સુધી લઈ જાય છે? આ સવાલ માટે જ સંશોધન કરવા માટે પ્રેરણા મળી અને સંશોધન કરવાનો નિર્ધાર કર્યો.

માનવએ એવું સામાજિક પ્રાણી છે કે ભગવાને તેને વિશેષ પ્રકારની વિચાર શક્તિ આપેલી છે આ વિચાર શક્તિનો સાચી દિશામાં ઉપયોગ કરે તો તે ધારે તો ગમે એટલી મોટી સમસ્યા હોઈ તો તેનો ઉપાય શોધી લે પરંતુ જો તેની શક્તિનો દુર ઉપયોગ કરે તો મોટામાં મોટી સમસ્યાનું નિર્માણ કરી દે છે, ભલે એ પછી જાણી જોઈને થયેલ હોઈ કે અજાણતા થાય એનું હાલનું ઉદા.સ્ત્રીઓનું ઘટતું જાતિ પ્રમાણ (સ્ત્રી ભ્રુણ હત્યા) કહી શકાય.વર્તમાન સમયમાં પુરૂષોના પ્રમાણમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઓછુ જોવા મળે છે જે આગળ સેન્સેક્સ ડેટા જોઈશું તેના પરથી સ્પષ્ટતા થશે.

માનવ સમાજમાં અનેક પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે. જેમાં સ્ત્રીઓની સમસ્યા પણ ઘણી છે. સંશોધનકર્તાને સ્ત્રીઓની સમસ્યા અંગે બાળપણથી જ વિચારતા રહ્યા છે અને માસ્ટર ઓફ સોશ્યલ વર્કમાં પણ "અપરણિત સ્ત્રીઓનો અભ્યાસ" વિષય પર લઘુ શોધ નિબંધ તૈયાર કરેલ.તેથી જ સ્ત્રીઓની કોઈ સમસ્યાને ધ્યાનમાં રાખીને સંશોધન કરવું એવો સંકલ્પ હતો પણ કઈ સમસ્યાને મહત્વ આપવું તે પણ એક સવાલ હતો આવી દ્વિધાની વચ્ચે સ્ત્રીઓને લાગતું સાહિત્યનું વાંચન કર્યું. તેથી માર્ગદર્શકશ્રીનું માર્ગદર્શન લીધા બાદ અને 'વ્યથા કથા'નામનું એક પુસ્તક વાંચેલ જેમાં સ્ત્રી ભ્રુણહત્યાને ચિત્રો દ્વારા સમસ્યાને ગંભીરતા પૂર્વક એવી રીતે ચિત્રીત કરેલ છે કે તેને વાંચીને નહિ પણ જોઇને જ કોઈ પણ વ્યક્તિના આંખોમાં પાણી આવી જાય એવું આ પુસ્તકના લેખિકા અને ચિત્રકાર શ્રી હાંડા રશ્મીએ નિરૂપણ કર્યું છે. ત્યાર બાદ માર્ગદર્શકશ્રી સાથે સ્ત્રી ભ્રુણહત્યા વિષય પર સંશોધન કરવા પર ચર્ચા કરતા તેઓએ મંજુરી આપી અને ત્યાર બાદ સંશોધનનું શીર્ષક તરીકે "ઘટતું જાતિ પ્રમાણ"- એક અભ્યાસ શીર્ષક આપેલ.

આમ સંશોધન વિષયનો ઉદભવ થયો અને તેની દરખાસ્ત મૂકેલ તેને મંજુરી મળતા જ સંશોધન કાર્ય હાથ ધરેલ સ્ત્રી ભ્રુણહત્યા અંગેના સંશોધનનો તો ઘણા થયા હશે અને થતા પણ હશે પરંતુ સંશોધનકર્તાને ગુજરાતની વસ્તીના આંકડા જોતા અને ખાસ કરીને સ્ત્રી-પુરુષ વચ્ચેના આંકડામાં સમાનતામાં જોવા મળી નહિ તેથી આગળ અભ્યાસ કરતા માલુમ પડ્યું કે 2011ની વસ્તી ગણતરી પ્રમાણે દર 1000 પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓનું પ્રમાણ (સંખ્યા) ઘણું ઓછુ જોવા મળ્યું. જે નીચે કોષ્ટકમાં જોઈ શકાય છે.

**કોષ્ટક નં.૧ ભારતમાં સ્ત્રી-પુરુષનો જાતિ પ્રમાણ દર (2011 વસતિ ગણતરી પ્રમાણે)**

| 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા (ઉચું પ્રમાણ) | | | 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા (નીચુ પ્રમાણ) | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રાજ્ય | સ્ત્રીઓની સંખ્યા | ક્રમ | રાજ્ય | સ્ત્રીઓની સંખ્યા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | કેરલા | 1084 | 1 | હરિયાણા | 879 |
| 2 | તમિલનાડુ | 996 | 2 | જમ્મુ કાશ્મીર | 889 |
| 3 | આંધ્રપ્રદેશ | 993 | 3 | સિક્કીમ | 890 |
| 4 | મણીપુર | 992 | 4 | પંજાબ | 895 |
| 5 | છત્તીસગઢ | 991 | 5 | ઉત્તરપ્રદેશ | 912 |

સ્રોત : Directorate of Economics and Statistics, Government of Gujarat Gandhinagar

### કોષ્ટક નં. ૨ ભારતના 0 થી 6 વર્ષની વયજૂથમાં વધુમાં વધુ અને સૌથી ઓછી સ્ત્રીઓની સંખ્યા ધરાવતાં પાંચ રાજ્યોનો જાતિ પ્રમાણ દર-2011

| 1000 પુરુષોએ સ્ત્રીઓની સૌથી ઊંચી સંખ્યા ધરાવતાં રાજ્યો | | | 1000 પુરુષોએ સ્ત્રીઓની સૌથી નીચી સંખ્યા ધરાવતાં રાજ્યો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રાજ્ય | ઊંચો સ્ત્રી જાતિ દર | ક્રમ | રાજ્ય | નીચો સ્ત્રી જાતિ દર |
| 1 | અરુણાચલપ્રદેશ | 972 | 1 | હરિયાણા | 834 |
| 2 | મિઝોરમ, મેઘાલય | 970 | 2 | પંજાબ | 846 |
| 3 | છત્તીસગઢ | 969 | 3 | જમ્મુ-કાશ્મીર | 862 |
| 4 | કેરલા | 964 | 4 | રાજસ્થાન | 888 |
| 5 | આસામ | 962 | 5 | ગુજરાત, ઉત્તરાખંડ | 890 |

સ્રોત :Directorate of Economics and Statistics, Government of Gujarat Gandhinagar.

### કોષ્ટક નં. 3 ગુજરાતના 0 થી 6 વર્ષની વયજૂથમાં વધુમાં વધુ અને સૌથી ઓછી સ્ત્રીઓની સંખ્યા ધરાવતા જિલ્લા / તાલુકા

| ક્રમ | તાલુકા | 1000 પુરુષોએ સ્ત્રીઓની સૌથી ઊંચી સંખ્યા દર્શાવતા તાલુકા | ક્રમ | જિલ્લા/ તાલુકા | 1000 પુરુષોએ સ્ત્રીઓની સૌથી નીચી સંખ્યા દર્શાવતા તાલુકા |
|---|---|---|---|---|---|
| 1 | કવાંટ, ઉચ્છલ | 975 | 1 | મહેસાણા | 807 |
| 2 | ઉંમરપાડા | 970 | 2 | સુરત | 808 |
| 3 | લીમખેડા | 968 | 3 | ઊંઝા | 810 |
| 4 | સાગબારા | 966 | 4 | માણસા | 823 |
| 5 | ધરમપુર | 965 | 5 | કુંકાવાવ | 825 |

સ્રોત :Directorate of Economics and Statistics, Government of Gujarat Gandhinagar.

આ પરથી કહી શકાય કે દર 1000 પુરુષોની સામે સ્ત્રી જાતિ પ્રમાણના આંકડા ઘણા જ ચિંતાજનક છે. તાલુકા પ્રમાણે સુરત, મહેસાણા, ઊંઝા, માણસા અને કુંકાવાવમાં 0 થી 6 વર્ષની વયજૂથના સ્ત્રી બાળ જાતિદર ખૂબ જ ચિંતાજનક છે. સુરત, મહેસાણા, ઊંઝા અને કુકાવાવ તાલુકો શહેરની દૃષ્ટિએ ચિંતાજનક તો છે જ પરંતુ તે સ્થળો શહેરી હોવાથી સાચાં અને સચોટ કારણો મળવાં મુશ્કેલ લાગતાં હોવાથી માણસા તાલુકો પસંદ કર્યો છે. માણસા તાલુકામાં ગ્રામીણ, શહેરી તથા કુલ એમ બધી જ રીતે નીચો જાતિ દર ધરાવતો તાલુકો છે. સાથે સાથે અન્ય નીચો સ્ત્રી જાતિ પ્રમાણદર ધરાવતા તાલુકા સુરત, મહેસાણા, ઊંઝા અને કુકાવાવના આંકડાની ખૂબ જ નજીકનો આંક એટલે કે 0થી 6ની વયજૂથ પ્રમાણે 1000 પુરુષ બાળ દર સ્ત્રી બાળ જાતિ પ્રમાણે 823 છે જે ચિંતાજનક છે. સાથે સાથે સ્થાયી વસતિ હોવાથી સંશોધનકર્તાને તેના કારણો સચોટ મળવાની ધારણા હોવાથી માણસા તાલુકાને પોતાના સંશોધન ક્ષેત્ર માટે પસંદ કરેલ છે.

આ ઉપરાંત દેશમાં શહેરી વિસ્તારોમાં સૌથી નીચા બાળ જાતિ પ્રમાણમાં ગુજરાત રાજ્ય ત્રીજા ક્રમે છે. બીજા અને ત્રીજા વચ્ચે માત્ર 0.7 આંકનો જ તફાવત છે. રાજ્યના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર વચ્ચે બાળજાતિ પ્રમાણ તફાવતમાં ગુજરાત પ્રથમ છે.("સ્ત્રીભ્રુણ હત્યાનાં કારણો અને ઉપાયો વિષયના પરિસંવાદના તારણો" પુસ્તક પાના નં. 25 લે. અમૃત એ. પટેલ) . દેશમાં સૌથી નીચા બાળ જાતિ પ્રમાણવાળા તાલુકાઓમાં ગુજરાતના મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકો (શહેરી) ત્રીજા ક્રમે છે. અને મહેસાણા શહેરી વિસ્તાર દેશમાં નવમા ક્રમે છે અને બાળજાતિ પ્રમાણ તફાવતમાં મહેસાણા પ્રથમ છે (Census-2011). ગાંધીનગરનો માણસા તાલુકો ગુજરાતમાં ત્રીજા ક્રમે છે. માણસા તાલુકો ગ્રામ્ય અને શહેરી એમ બંને રીતે નીચોજાતિ દર ધરાવતો હોવાથી સંશોધન કાર્યક્ષેત્ર માટે પસંદ કર્યો છે.

### ૧.૫ સંશોધન અભ્યાસના હેતુઓઃ

૧. સંશોધન અભ્યાસના કાર્યક્ષેત્રમાં ઘટતા જાતિપ્રમાણ અંગેના કારણો જાણવા.

૨. સંશોધન અભ્યાસના કાર્યક્ષેત્રમાં સ્ત્રીઓના ઘટતા જાતિ પ્રમાણના પ્રેરકબળ જાણવા.

૩. સંશોધન અભ્યાસના કાર્યક્ષેત્રની લગ્નવ્યવસ્થા જાણવી.

૪. સંશોધન અભ્યાસના કાર્યક્ષેત્રની સામાજિક, આર્થિક અને ધાર્મિક માન્યાતાઓ જાણવી.

૫. સંશોધન અભ્યાસના કાર્યક્ષેત્રનું શિક્ષણનું સ્તર જાણવું.

૬. અપરણિત સ્ત્રી-પુરુષનું પ્રમાણ જાણવું.

### ૧.૬ અભ્યાસની ઉત્કલ્પનાઓઃ

૧. પુરુષો કરતા સ્ત્રી જાતિનું પ્રમાણ ઓછું જોવા મળશે.

૨. સ્ત્રીઓના ઘટતા જતા પ્રેરકબળોમાં સામાજિક રીત, રિવાજો, રૂઢીઓ અને પરંપરાઓ જેવા પ્રેરકબળોની અસર જોવા મળશે.

૩. સંશોધન અભ્યાસના સ્ત્રીઓના ઘટતા જાતિપ્રમાણ માટે સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિબળો જવાબદાર હશે.

૪. પુરુષોની સંખ્યાની સામે સ્ત્રીઓનું શિક્ષણનું સ્તર નીચું જોવા મળશે.

૫. અપરણિત પુરુષોની સંખ્યા, વધુ હોવાના કારણે સ્ત્રીઓની સંખ્યાનું ઘટતું જાતિ પ્રમાણ જોવા મળશે.

### ૧.૭ નિદર્શ પસંદગીઃ

કોઈ પણ સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવે ત્યારે તેનું વ્યાપ વિશ્વની સ્પષ્ટતા કરવી તે આવશ્યક બની જાય છે પ્રસ્તુત અભ્યાસમાં

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ૧૦૦૦ કે તેનાથી વધુ વસતિ ધરાવતાં હોય તેવાં ૨૫ ગામડાંને નમૂના તરીકે લેવામાં આવેલ છે તથા માણસા શહેર અને ગ્રામ્ય વિસ્તારને યદ્દચ્છ નિદર્શન દ્વારા નમૂના માટે પસંદ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતા માટે જે ઘરમાં દીકરી ના હોય તેવા પરિવારના વડા અને જે ઘરમાં દીકરી હોય તેવા પરિવારના વડાને લેવામાં આવશે. આ ઉપરાંત સામાજિક કાર્યકરો જે વિષય સાથે સંકળાયેલા હોય તેવા તજ્જ્ઞ વ્યક્તિના અભિપ્રાયો લેવામાં આવશે તથા જ્ઞાતિગત પ્રતિનિધિત્વ જળવાય રહે તે પણ જોવામાં આવશે. સરકારના ચૂંટાયેલા સભ્યો પાસેથી માહિતી મેળવવામાં આવશે. પ્રસ્તુત અભ્યાસમાં પરણિત સ્ત્રી-પુરૂષોને ઉતરદાતા તરીકે પસંદ કરેલ છે એ પણ એક અથવા વધુ સંતાનના માતા કે પિતા હોય.

આમ પ્રસ્તુત સંશોધન વિષયમાં માણસા તાલુકાના કુલ ગામોમાંથી ૧૦૦૦ કે તેથી વધુ વસતિ ધરાવતા ગામોને પસંદ કરવામાં આવેલ છે અને તેમાં પણ દરેક ગામમાંથી ૨૦ ઉત્તરદાતા પ્રમાણે કુલ ગામોની સંખ્યાના ૫૦ ટકા પ્રમાણે ૨૫ ગામના ઉત્તરદાતાને પસંદ કરવામાં આવેલ છે અને એક ગામમાં ૧૦ ઉતરદાતા મુજબ ૨૫ગુનિયા ૧૦ બરાબર ૨૫૦ ઉતારદાતા વધતા માણસા સીટીના ૨૦ તરીકે પસંદ કરેલ છે તેથી પ્રસ્તુત અભ્યાસમાં ૨૭૦ કુલ ઉતરદાતાની પસંદગી કરવામાં આવેલ છે એક ગામમાંથી ૫ સ્ત્રીઓ અને ૫ પુરૂષોને ઉતારદાતા તરીકે પસંદ કરેલ છે. જેથી કરીને દિકરીઓ પ્રત્યેની પુરૂષોની માનસિકતા કેવી છે અને દિકરી પ્રત્યેની સ્ત્રીઓની માનસિકતા શું છે તે જાણી શકાય.

## ૧.૮ સંશોધન પદ્ધતિઃ

સંશોધન અભ્યાસમાં સમસ્યાની પસંદગી પછી તેના ઉકેલ માટે સંશોધન અભ્યાસમાં કઇ પધ્ધતિએનો ઉપયોગ થયેલ છે તેની સ્પષ્ટતા કરવી ખુબ જરૂરી છે. સંશોધન પધ્ધતિ એ સંશોધન પ્રક્રિયાનો એક મહત્વનો ભાગ છે. કઇ સંશોધન પધ્ધતિઓ દ્વારા સંશોધન હાથ ધરવું તે અભ્યાસના હેતુઓ પર આધારિત છે. સમાજકાર્ય સંશોધનમાં સંશોધનની વિવિધ પધ્ધતિઓ છે. પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબની ગુણાત્મક અન સંખ્યાત્મક સંશોધન પધ્ધતિઓ ઉપયોગમાં લેવામાં આવી છે.

❖ **સર્વેક્ષણ પધ્ધતિ** (Survey Method)

સમાજશાસ્ત્ર, સમાજકાર્ય, અર્થશાસ્ત્ર, શિક્ષણ અને મનોવિજ્ઞાન સહિતના સામાજિક વિજ્ઞાનોમાં હાથ ધરાતા સંશોધનોમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો વિશાળ પ્રમાણમાં ઉપયોગ થાય છે. સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા મોટા કે નાના વ્યાપ વિશ્વમાંથી નમૂના પસંદ કરવા, તેમની પાસેથી પ્રશ્નાવલિ કે મુલાકાત અનુસૂચિ દ્વારા અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી મેળવવી, મેળવેલી માહિતી પર પૃથ્થકરણો કરવા, વ્યાપ વિશ્વ વિશે પરિણામ મેળવવા વગેરે જેવા કાર્યો આ પધ્ધતિમાં હાથ ધરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત અનુસૂચી દ્વારા ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા અને માણસાના ૨૫ ગામના તમામ જ્ઞાતિના પસંદગી પામેલા કુટુંબના વડા, પ્રતિનિધિ, ગામના પાંચ કે દસ લોકો વચ્ચે જૂથ ચર્ચા કરી સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા માહિતી એકત્રિત કરેલ છે.

પ્રસ્તુત સંશોધન એ સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા કરવામાં આવેલ છે. તેમજ ગુણાત્મક પ્રકારની પધ્ધતિના આધારે માહિતીનું એકત્રિકરણ દ્વારા સંશોધન હાથ ધરેલ છે. અહી

દસ્તાવેજી સર્વેક્ષણ અને જનમત સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરેલ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પૂર્વે નક્કી કરેલ ગામની યાદી પ્રમાણે ગામમાં જઈને વ્યક્તિગત મળીને મુલાકાત અનુસુચિ દ્વારા માહિતી અકત્રિકરણ કરવા માટે જનમત સર્વેક્ષણનો ઉપયોગ કરેલ છે.

### ૫.૧ સંશોધનના તારણો અને નિષ્કર્ષ

### વિભાગ-૧ ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી વિષયક તારણો અને નિષ્કર્ષ

૧. **સારણી નં. ૪.૧.૧** મુજબ કુલ ઉતરદાતામાંથી ૨૮.૯ ટકા ઉતરદાતા નિરક્ષર જોવા મળે છે કુલ ઉતરદાતામાંથી સૌથી વધુ ૩૫.૯ ટકા પ્રાથમિક શિક્ષણ મેળવેલા જોવા મળે છે જ્યારે કુલ ઉતરદાતામાંથી સૌથી ઓછી ટકાવારી માસ્ટર ડીગ્રી ધરાવતા ઉતરદાતાની જોવા મળે છે જેની ટકાવારી ૪.૮ ટકા છે.

૨. **સારણી નં. ૪.૧.૨** મુજબ કુલ ઉતરદાતામાંથી સૌથી ઓછા એસ.ટી કક્ષાની જ્ઞાતિના ઉતરદાતા જોવા મળે છે જેમની ટકાવારી ૧.૧ ટકા જોવા મળે છે. ૨૪.૧ ટકા ઉતરદાતા એસ.સી. કક્ષાની જ્ઞાતિના, ૩૦ ટકા ઉતરદાતા ઓ.બી.સી અને સૌથી વધુ સામાન્ય કક્ષાની જ્ઞાતિના ઉતરદાતા છે જેમની ટકાવારી ૪૪.૮ ટકા જોવા મળે છે.

૩. **સારણી નં. ૪.૧.૩** મુજબ કુલ ઉતરદાતામાંથી સૌથી વધુ ઉતરદાતા ૩૧ થી ૪૦ વર્ષની વય જુથ ધરાવે છે જેની ટકાવારીનું પ્રમાણ કુલ ઉતરદાતાના ૩૧.૫ ટકા થાય છે.અને સૌથી ઓછા ઉતરદાતા ૬૧ વર્ષથી વધુ વયજૂથ ધરાવાતા ઉતરદાતા જોવા મળે છે જે કુલ ઉતરદાતાના ૪.૪ ટકા થાય છે.

૪. **સારણી નં. ૪.૧.૪** મુજબ કુલ ઉ.દા.ના કુલ સંતાનો ૫૫૬ છે અને તેમાં ૨૮૮ પુરુષ સંતાનનો છે અને સ્ત્રી સંતાનો ૨૬૮ છે બંનેની તુલના કરતા સ્પષ્ટ થાય છે કે પુરુષ સંતાનના પ્રમાણમાં સ્ત્રી સંતાનનું પ્રમાણ ઓછું છે.

૫. **સારણી નં. ૪.૧.૫** મુજબ કુલ ઉતરદાતાના સંતાનોમાંથી સૌથી વધુ અભ્યાસ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં લીધેલ છે. તો કુલ ઉતરદાતાના સંતાનોમાંથી સૌથી ઓછા સંતાનોએ અનુસ્નાતકનો અભ્યાસ કરેલ છે, જે માત્ર ૨.૫૨ ટકા જ છે. આમ સ્ત્રી સંતાનોનું શિક્ષણ પુરુષ સંતાનોના શિક્ષણ કરતા ઓછું જોવા મળે છે.

૬. **સારણી નં. ૪.૧.૬** મુજબ કુલ ૨૭૦ ઉતરદાતામાંથી ૧૫૭ ઉતરદાતા એટલે કે ૫૮.૧ ટકા ઉતરદાતા ખેતી વ્યવસાય ધરાવતા જોવા મળે છે.તો ખેત મજુરી સાથે ૨૦.૪ ટકા ખેત મજુરી કરે છે આ બંનેનો સરવાળો કરીએ તો ૭૮.૫ ટકા લોકો ખેતીના વ્યવસાય સાથે સાથે જોડાયેલા છે તેથી એમ કહી શકાય કે અહીના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. કુલ ઉતરદાતામાંથી ૩.૦ ટકા ઉતરદાતા અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા જોવા મળે છે જે સૌથી ઓછું પ્રમાણ છે.

૭. **સારણી નં. ૪.૧.૭** મુજબ કુલ ઉત્તરદાતાઓ પૈકી ૬૦ ટકા ઉતરદાતા સયુંકત પરિવારમાં વસવાટ કરે છે, તો ૪૦ ટકા ઉતરદાતા વિભક્ત કુટુંબમાં વસવાટ કરે છે.

૮. **સારણી નં. ૪.૧.૮** મુજબ કુલ ઉતરદાતામાંથી હિંદુ ઉતરદાતાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે નિદર્શનના ૯૭.૮ ટકા છે, જ્યારે સૌથી ઓછું પ્રમાણ જૈન ધર્મના ઉતરદાતાનું છે જે નિદર્શનના ૧.૫ ટકા જોવા મળે છે.

### વિભાગ-૨ ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ અંગેની માહિતી વિષયક તારણો અને નિષ્કર્ષ

૯. **સારણી નં. ૪.૨.૧** મુજબ કુલ ઉત્તરદાતામાંથી પોતાની માલીકીનું મકાન ધરાવતાનું પ્રમાણ વધુ છે, જે પ્રમાણ ૯૬.૬૭ ટકા છે. જ્યારે ૩.૩૩ ટકા ઉતરદાતા ભાડાના મકાનમાં વસવાટ કરતા જોવા મળે છે.

૧૦. **સારણી નં. ૪.૨.૨** મુજબ કુલ ઉત્તરદાતાઓ પૈકી મોટા ભાગના ૯૫.૧૯ ટકા ઉતરદાતા પાકા મકાનમાં રહે છે અને માત્ર ૪.૮૧ ટકા ઉતરદાતા જ કાચા મકાન રહે છે.

૧૧. **સારણી નં. ૪.૨.૩** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૮૩ ટકા ઉત્તરદાતા જમીન ધરાવે છે. જ્યારે ૧૭ ટકા ઉત્તરદાતા જમીન ધરાવતા નથી.

૧૨. **સારણી નં. ૪.૨.૪** મુજબ કુલ ૨૭૦ ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધુ ૯૭.૩૨ ટકા ઉત્તરદાતા બોરથી સિંચાઈ કરતા જોવા મળે છે. ખેત તલાવડીથી માત્ર ૧.૭૮ ટકા ઉત્તરદાતા સિંચાઈ કરતા જોવા મળે છે. માત્ર ૦.૯૦ ટકા ઉ.દા. અન્ય રીતે પિયત કરતા જોવા મળે છે.

૧૩. **સારણી નં. ૪.૨.૫** મુજબ કુલ ૨૭૦ ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધુ આવક ધરાવતા ઉત્તરદાતા ૨૮.૧ ટકા છે અને સૌથી વધુ આવક ધરાવતા ઉત્તરદાતાની નજીકની આવક ધરાવતા ૧૦.૦ ટકા છે પરંતુ આ બંને નજીકની આવક ધરાવતા હોય એટલે કે ચાર લાખ થી પાંચ લાખ ઉપર આવક ધરાવતા ઉત્તરદાતાનો સરવાળો કરીએ તો ૩૮.૧ ટકા થાય જે આવકની દ્રષ્ટીએ સારી બાબત છે અને સૌથી ઓછી આવક ધરાવતા ઉત્તરદાતા ૨૧.૯ ટકા છે જે માત્ર એક લાખ કે એક લાખથી ઓછી આવક ધરાવે છે.

૧૪. **સારણી નં. ૪.૨.૬** મુજબ આર્થિક રીતે નિમ્ન હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ છે એટલે કે ૩૭.૪૧ ટકા છે તો આર્થિક રીતે મધ્યમ પ્રકારની આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ પણ ૩૪.૪૪ ટકા છે અને આર્થિક રીતે ઉચ્ચ આવક ધરતા હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ પણ ૨૮.૧૫ ટકા છે.

### વિભાગ-૩ ઉત્તરદાતાની સામાજિક પરિસ્થિતિ વિષયક તારણો અને નિષ્કર્ષ

૧૫. **સારણી નં. ૪.૩.૧** મુજબ કુલ ૨૭૦ ઉત્તરદાતાઓ પૈકી ૮૦.૭ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે પોતાના સમાજમાંથી યુવતી મળવી મુશ્કેલ છે. તેથી ફલિત થાય છે કે સ્ત્રીઓનું પ્રમાણ પુરૂષોના પ્રમાણમાં ઓછું છે. કુલ ઉત્તરદાતામાંથી ૧૯.૩ ટકા ઉત્તરદાતાને પોતાના સમાજમાં લગ્ન માટે યુવતી મળવી મુશ્કેલ લાગતી નથી.

૧૬. **સારણી નં. ૪.૩.૧.૧** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૪૩.૭ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે જ્ઞાતિમાં યુવતીઓ ઓછી છે માટે લગ્ન માટે યુવતી મળતી નથી. ટૂંકમાં કહી શકાય કે સમાજમાં સ્ત્રીઓનું પ્રમાણ પુરૂષોના પ્રમાણ કરતા ઓછું છે. તો ૧૭.૮ ટકા ઉત્તરદાતા કહે છે કે લગ્ન માટે યુવતી ન મળવાનું કારણ નબળી આર્થિક પરિસ્થિતિ પણ જવાબદાર છે. ટૂંકમાં એકબાજુ સ્ત્રીઓની અછત છે તો સામે આર્થિક રીતે સધ્ધર હોય તેવા યુવાનને લગ્ન માટે યુવતી મળે છે એવું સમાજમાં ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળેલ.

૧૭. **સારણી નં. ૪.૩.૨** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૮૮.૯ ટકા ઉત્તરદાતાના સમાજમાં પુરૂષોની તુલનામાં સ્ત્રીઓનું

પ્રમાણ ઓછું જોવા મળે એવું માને છે જયારે કુલ ઉત્તરદાતામાંથી ૧૧.૧ ટકા ઉત્તરદાતાના સમાજમાં પુરૂષોની તુલનામાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવા મળતું નથી એવું માને છે .

૧૮. **સારણી નં.** ૪.૩.૨.૧ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૪૯.૩ ટકા ઉત્તરદાતા માને છે કે સ્ત્રીભૃણ હત્યાના કારણે સમાજમાં સ્ત્રીનું પ્રમાણ ઓછું છે. કુલ ઉત્તરદાતામાંથી ૨૭.૦ ટકા ઉત્તરદાતા એવું માને છે કે છોકરા વધારે જન્મે છે, તેનું કારણ સ્ત્રી ભૃણહત્યા જ જવાબદાર છે, એવું આડકતરી રીતે કહેવા માંગે છે કુલ ઉત્તરદાતામાંથી ૦.૪ ટકા ઉત્તરદાતા સ્ત્રીઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધારે હોવાના કારણે સમાજમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું હોવાનું માને છે.

૧૯. **સારણી નં.** ૪.૩.૩ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૬૫ ઉત્તરદાતાઓ એસ.ટી. જ્ઞાતિના છે જેમાથી ૧૮ ઉત્તરદાતાનું માનવું છે કે તેમાના સમાજમાં યુવતીનું પ્રમાણ ઓછું જોવા મળે છે, જ્યારે કુલ ઉત્તરદાતામાંથી ૧૨૧ ઉત્તરદાતાઓ ઓપન જ્ઞાતિના જોવા મળે છે જેમાંથી ૧૦૬ ઉત્તરદાતાનું માનવું છે કે તેમના સમાજમાં દિકરીઓનું પ્રમાણ દિકરાની તુલનામાં ઓછું જોવા મળે છે.

૨૦. **સારણી નં.** ૪.૩.૪ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૬૩.૭ ટકા ઉત્તરદાતા દિકરાના જન્મને મહત્વ આપતા જોવા મળે છે, ૩૬.૩ ટકા ઉત્તરદાતા દિકરીના જન્મને મહત્વ આપે છે.

૨૧. **સારણી નં.** ૪.૩.૫ મુજબ દહેજ પ્રથા નથી એવું માનનારા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ ૭૭ ટકા જોવા માળે છે અને દહેજ પ્રથા છે એવું માનનારા ઉત્તરદાતાનું પ્રમાણ ૨૩ ટકા જોવા મળે છે.

૨૨. **સારણી નં.** ૪.૩.૫.૧ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૧૫.૬ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે દિકરાના માતા-પિતા દ્વારા દહેજ લેવાનું નક્કી થાય છે. કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૧.૫ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે કુટુંબ કે સમાજના વડા દ્વારા દહેજ લેવાનું નક્કી કરવામાં આવે છે. ૭૪ ટકા ઉત્તરદાતા કહે છે દહેજ લેવાતું કે દેવાતું નથી.

૨૩. **સારણી નં.** ૪.૩.૬ મુજબ સૌથી વધુ ૯૮.૫૨ ટકા ઉત્તરદાતા યુવતીની પસંદગીને માન આપે છે જયારે સૌથી ઓછા ૧.૫૮ ઉત્તરદાતાનું કહેવું છે.કે હજુ પણ ઘણા પરિવારો પોતાની દિકરીને લગ્ન વખતે તેની પસંદ પૂછવામાં માનતા નથી.

૨૪. **સારણી નં.** ૪.૩.૭ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૪૨.૬૦ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સમાજમાં સ્ત્રીઓની સલામતી વધી છે જ્યારે ૫૪.૪૦ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રીઓની સલામતી ઘટી છે અને ૩ ટકા ઉત્તરદાતા આ માહિતી અંગે તટસ્થ વલણ ધરાવતા જોવા મળે છે હા કે ના કહેવા માંગતા નથી.

૨૫. **સારણી નં.** ૪.૩.૮ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૩૪.૮ ટકાઉત્તરદાતાઓ ઘરના મહત્વના નિર્ણય લેવામાં પિતાને ભાગીદાર બનાવતા જોવા મળે છે. કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૫.૨ ટકા ઉ.દા. ઘરના મહત્વના નિર્ણય લેવામાં દિકરીને ભાગીદાર બનાવતા જોવા મળે છે. ટૂંકમાં કહી શકાય કે સ્ત્રીઓની મહત્વના નિર્ણયમાં ભાગીદારી ઓછી છે.

૨૬. **સારણી નં.** ૪.૩.૯ મુજબ કુલ ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધુ ૬૧.૮૫ ટકા ઉત્તરદાતા પોતાની દિકરીને બહાર રમવા જવા દેતા જોવા મળે છે. જ્યારે ૩૮.૧૫ ટકા ઉત્તરદાતા પોતાની દિકરી ને બહાર રમવા જવા દેતા નથી.

૨૭. **સારણી નં.** ૪.૩.૯.૧ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૩૮.૧૫ ટકા ઉત્તરદાતાને આમાના કોઈ કારણો લાગુ પડતા નથી. આ સિવાયના કુલ ઉત્તરદાતામાંથી ૧૯.૨૬ ટકાને અપહરણનો ડર છે ૨૫.૫૬ ટકા ઉત્તરદાતાને દુષ્કર્મનો ડર છે, તો ૧૭.0૩ ટકા ઉત્તરદાતાને જાતિય સતામણી થવાનો ડર છે. ટૂંકમાં ૬૧.૮૫ ટકા ઉત્તરદાતાને પોતાની દિકરીને એકલી બહાર જવા દેવામાં તેની સલામતી નથી એવું માને છે તેમ કહી શકાય.

૨૮. **સારણી નં.** ૪.૩.૧૦ મુજબ કુલ ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધુ ઉત્તરદાતા એટલે કે ૪૬.૬૭ ટકા ઉત્તરદાતાના માટે દિકરા અને દિકરીના જન્મને સમાન મહત્વ આપે છે. ૩૮.૮૯ ટકા ઉત્તરદાતાનું સ્પષ્ટ કહેવું હતું કે પુત્રી હોઈ કે ના હોઈ તો ચાલે પરંતુ પુત્ર તો જોઈએ જ.

૨૯. **સારણી નં.** ૪.૩.૧૧ મુજબ કુલ ઉત્તરદાતાઓ પૈકી ૪૧.૧ ટકા ઉત્તરદાતા સંતાન તરીકે દિકરા ને પસંદ કરતા જાણવા મળે છે જ્યારે ૧૮.૫ ટકા ઉત્તરદાતા દિકરીને અને ૪0.૪ ટકા ઉત્તરદાતા દિકરો અને દિકરી બન્ને પસંદ કરતા જોવા મળે છે.

30. **સારણી નં.** ૪.૩.૧૨ મુજબ કુલ ઉતરદાતામાંથી સૌથી વધુ ૮૮.૫ ટકા ઉતરદાતા સરકારના ‘બેટી બચાવો બેટી પઢાવો’ સૂત્ર સાથે સહમત છે. કુલ ઉતરદાતામાંથી સૌથી ઓછા ૧૧.૫ ટકા સરકારના ‘બેટી બચાવો બેટી પઢાવો’ સૂત્ર સાથે સહમત નથી.

૩૧. **સારણી નં.** ૪.૩.૧૩ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૫૩ ટકા ઉત્તરદાતાઓ દિકરી પારકી થાપણ કહેવાય સૂત્ર સાથે સમંત નથી. કુલ ઉત્તરદાતામાંથી ૪૭.0 ટકા ઉત્તરદાતા દિકરી પારકી થાપણ કહેવાય સૂત્ર સાથે સંમત છે.

૩૨. **સારણી નં.** ૪.૩.૧૪ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૭૫.૫૬ ટકા ઉત્તરદાતા એક સંતાન તરીકે દિકરાને પસંદ કરે છે, જયારે કુલ ઉત્તરદાતામાંથી ૨૪.૪૪ ટકા ઉત્તરદાતા એક સંતાન તરીકે દિકરીને પસંદ કરતા જોવા મળે છે.

૩૩. **સારણી નં.** ૪.૩.૧૪.૧ મુજબ કુલ ઉત્તરદાતા પૈકી ૪.૪ ટકા ઉત્તરદાતા દિકરીને સંભાળવી મુશ્કેલ હોવાના કારણોસર દિકરાને પસંદ કરે છે જ્યારે ૧૮.૫ ટકા દિકરી સાસરs જતી રહે માટે દિકરો પસંદ કરે છે, ૭.૪ દિકરીની સલામતીની ચિંતાના કારણે, ૧૧.૧ ટકા દિકરીની જવાબદારી વધારે હોવાથી, ૨૪.૮ ટકા દિકરો કુળ દિપક હોવાથી અને ૧૩ ટકા ઉત્તરદાતા દિકરો જીવનભર સાચવે તે કારણથી દિકરાને વધુ પસંદ કરતા જોવા મળે છે.

૩૪. **સારણી નં.** ૪.૩.૧૫ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૭0 ટકા ઉત્તરદાતાઓનું માનવું છે કે સંતાન અંગેના નિર્ણય પતિ-પત્ની બન્ને સાથે મળી લેતા જોવા મળે છે. જ્યારે ૧૩.૭ ટકા પતિ, ૧0.૪ ટકા પત્ની અને ૫.૯ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે તેમના સંતાન અંગેના નિર્ણય તેમના એટલે કે ઉત્તરદાતાના માતા પિતા દ્વારા લેવાતા જોવા મળે છે.

૩૫. **સારણી નં. ૪.૩.૧૬** મુજબ કુલ ઉ.દા.માંથી સૌથી વધુ ૫૮.૧ ટકા ઉત્તરદાતા બે દિકરી સંતાન તરીકે હોવા છતા પણ પુત્ર જન્મની રાહ જોવાનું પસંદ કરતા જોવા મળે છે. જ્યારે ૪૧.૯ ટકા ઉ.દા. બે દિકરી હોય તો કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવવાનું પસંદ કરે છે.

૩૬. **સારણી નં. ૪.૩.૧૭** મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૬૨.૨ ટકા ઉત્તરદાતા સ્ત્રી પર થતા અત્યાચાર જોઈ દિકરીને અત્યાર સામે રક્ષણ મળે તેવી તાલીમ આપવા અંગે વિચારતા જોવા મળે છે. ૧૧.૯ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે દિકરી ને ઘરમાં જ રખાય ૧૦ ટકા દિકરીને વડીલો સાથે રાખવાનું, ૮.૧ ટકા ઉત્તરદાતા શોષણ અંગેની સમજ આપવા માંગતા જોવા મળે છે.

૩૭. **સારણી નં. ૪.૩.૧૮** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૭૭.૪ ટકા ઉત્તરદાતા મહિલા સુરક્ષાના કાયદા વિશે જાણકારી ધરાવતા જોવા મળે છે. જ્યારે ૨૨.૬ ટકા ઉત્તરદાતા મહિલા સુરક્ષાના કાયદા વિશે જાણકારી ધરાવતા જોવા મળતા નથી.

૩૮. **સારણી નં. ૪.૩.૧૯** મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૬૮.૧ ટકા ઉત્તરદાતા જો દિકરી પરણાવી જમાઈ ઘરે આવે તો દિકરી ગમે તેવો મત ધરાવતા જોવા મળે છે. કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૩૧.૯ ટકા ઉત્તરદાતા જો દિકરી પરણાવી જમાઈ ઘરે આવે તો પણ તેમને દિકરો જ ગમે તેવો મત ધરાવતા જોવા મળે છે.

૩૯. **સારણી નં. ૪.૩.૨૦** મુજબ કુલ ઉતરદાતામાંથી ૩૭.0 પુરૂષ સભ્યોનું માનવું છે કે ઘરમાં દિકરોતો જોઈએ જ તેવું માનતા જોવા મળે છે. જ્યારે કુલ ઉતરદાતામાંથી ૨૮.૨ ટકા સ્ત્રી સભ્યોનું માનવું છે કે ઘરમાં દિકરો તો જોઈએ જ. જ્યારે ૩૪.૮ ટકા ઉતરદાતા માને છે કે ઘરમાં પુરુષ અને સ્ત્રી બંન્ને સંતાન તરીકે જોઈએ.

૪૦. **સારણી નં. ૪.૩.૨૧** મુજબ કુલ ઉતરદાતામાંથી સૌથી વધુ ૪૨.૨ ટકા ઉતરદાતા મિડીયામાં બતાવવામાં આવતા અશ્લીલ દ્રશ્યોના કારણે સ્ત્રીઓની સલામતી જોખમાશે તેવું માનતા જોવા મળે છે. જ્યારે સૌથી ઓછા ૨.૨ ટકા ઉતરદાતા આવા પ્રસારના કારણે સ્ત્રીઓના અપહરણ વધશે તેવું માનતા જોવા મળે છે.

૪૧. **સારણી નં. ૪.૩.૨૨** મુજબ કુલ ઉત્તરદાતામાંથી દહેજ પ્રતિબંધક અધિનિયમ-૧૯૬૧ વિશે જાણકારી નહીં ધરાવતાની સંખ્યા ૫૫.૯૨ ટકા અને જાણકારી ધરાવનારાઓની સંખ્યા ૪૪.૧૨ ટકા જોવા મળે છે. જે આ અધિનિયમ અંગે જાણકારી નહીં ધરાવતા વધુ લોકોની સંખ્યા દર્શાવે છે.

૪૨. **સારણી નં. ૪.૩.૨૩** મુજબ કુલ ઉતરદાતામાંથી ૯0.૭ ટકા ઉતરદાતા સમાન કામ સમાન વેતન એટલે એક સરખા કામનું એક સરખુ વેતન એવું માનતા જોવા મળે છે.જ્યારે ૯.૩ ટકા ઉતરદાતા સરખા કામનું પુરૂષોને વધારે વેતન તેજ કામનું સ્ત્રીઓને ઓછું વેતન મળવું જોઈએ એવું માને છે.

૪૩. **સારણી નં. ૪.૩.૨૪** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૬૩.૩ ટકા ઉત્તરદાતા ભરણ પોષણના કાયદા અંગે માહિતી ધરાવતા જોવા મળે છે.જ્યારે ૩૬.૭ ટકા ઉત્તરદાતા આ કાયદા અંગેની માહિતી ધરાવતા જોવા મળતા નથી.

૪૪. **સારણી નં. ૪.૩.૨૫** મુજબ ૭૩ ટકા લોકો ઘરેલું હિંસાના કાયદા અંગેનું જ્ઞાન

ધરાવે છે જયારે ૨૭ ટકા લોકોને ઘરેલું હિંસાના કાયદાનું જ્ઞાન નથી એમ કહી શકાય.

૪૫. **સારણી નં.** ૪.૩.૨૬ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૬૯.૬ ટકા ઉત્તરદાતા બેટી બચાવો,બેટી પઢાવો અંગે મિડીયાની ભુમિકા હકારાત્મક હોવાનું જણાવતા જોવા મળે છે. ૨૧.૯ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે મીડિયાની ભૂમિકા નકારાત્મક રહેશે છે, જ્ય.રે સૌથી ઓછા ઉત્તરદાતામાંથી ૮.૫ ટકા ઉત્તરદાતા બેટી બચાવો બેટી પઢાવો અંગેની ભુમિકા બાબતે તટસ્થ વલણ ધરાવતા જોવા મળે છે.

૪૬. **સારણી નં.** ૪.૩.૨૭ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી ૯૧.૬ ઉત્તરદાતા સ્ત્રીઓ પર થતા દુષ્કર્મ માટે દુષ્કર્મ કરનારને જવાબદાર ગણાવે છે. જ્યારે ૭.૪ ટકા ઉત્તરદાતા સ્ત્રીઓ પર થતા દુષ્કર્મ માટે ભોગ બનનાર સ્ત્રી ને જવાબદાર ગણાવે છે. ટૂંકમાં લોકોની માનસિકતા પહેલાની વિચારસરણી જેવી નથી હવે મોટાભાગના લોકોનું માનવું છે કે દુષ્કર્મ કરનાર વ્યક્તિ જ અપરાધી છે. ભોગ બનનાર વ્યક્તિ ક્યારેય પણ જવાબદાર ના હોય શકે.

૪૭. **સારણી નં.** ૪.૩.૨૮ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૭૨.૨ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે  સમાજમાં સ્ત્રીઓ પર થતા દુષ્કર્મનું પ્રમાણ વધ્યું છે .જ્યારે ૨૭.૮ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સમાજમા સ્ત્રીઓ પર થતા અત્યાચારનું પ્રમાણ ઘટયું છે.

૪૮. **સારણી નં.** ૪.૩.૨૯ મુજબ કુલ ઉતરદાતામાંથી ૪૩.૩ ટકા એટલે કે સૌથી વધુ ઉતરદાતાનું માનવું છે કે ટી.વી, મોબાઈલના દુરઉપયોગથી દુષ્કર્મનું પ્રમાણ વધેલું જોવા મળે છે. તો ૩૦.૪ ટકા ઉતરદાતાનું માનવું છે કે પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણ જવાબદાર છે જ્યારે ૨૫.૨ ટકા ઉતરદાતાઓ કોઈ ખાસ પરિબળ જવાબદાર નથી તેમ માને છે, જ્યારે ૧.૧ ટકા ઉતરદાતાનું માનવું છે કે અન્ય કારણોથી દુષ્કર્મનું પ્રમાણ વધ્યુ છે.

૪૯. **સારણી નં.** ૪.૩.૩૦ મુજબ કુલ ઉતરદાતામાંથી ૯૭.૮ ટકા ઉતરદાતાનું માનવું છે કે સમાજમાં દુષ્કર્મનું પ્રમાણ ઘટી શકે. જ્યારે ૨.૨ ટકા ઉતરદાતાનું માનવું છે કે સમાજમાં દુષ્કર્મનું પ્રમાણ ઘટાડી શકાય તેમ નથી.

૫૦. **સારણી નં.** ૪.૩.૩૦.૧ મુજબ કુલ ઉતરદાતામાંથી ૯૧.૧ ટકા ઉતરદાતાનું માનવું છે કે લોકોની માનસિકતા બદલવાથી સમાજમાં દુષ્કર્મનું પ્રમાણ ઘટાડી શકાય.જ્યારે અનુક્રમે ૪.૪ ટકા ઉતરદાતાનું માનવું છે કે કડક કાયદાથી અને સ્ત્રીઓમાં જગૃતિ લાવી દુષ્કર્મનું પ્રમાણ ઘટાડી શકાય.

**વિભાગ-૪ ઉત્તરદાતાના લગ્ન અંગેની પરિસ્થિતિ વિષયક તારણો અને નિષ્કર્ષ**

૫૧. **સારણી નં.** ૪.૪.૧ મુજબ કુલ ઉતરદાતામાંથી સૌથી વધુ ૪૫.૬ ટકા ઉતરદાતાઓ પોતાની મરજીથી લગ્ન કરતા જોવા મળે છે, જ્યારે માત-પિતાની મરજીથી લગ્ન કરવા માટેની પસંદગી કરતા ઉતરદાતાનું પ્રમાણ ૪૪.૪ ટકા જોવા મળે છે, જેચારે ૧૦ ટકા ઉતરદાતા લગ્ન પસંદગી મેળામાંથી કરતા જોવા મળે છે જે પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.

૫૨. **સારણી નં.** ૪.૪.૨ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધારે ૮૯.૩ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે લગ્ન પહેલા દિકરીઓને જાતિય જીવન અંગેની

માહિતી આપવી જોઈએ. જ્યારે કુલ ઉત્તરદાતામાંથી ૧૦.૭ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે લગ્ન પહેલા દિકરીઓને જાતિય જીવન અંગે માહિતી આપવી જોઈએ નહીં.

૫૩. **સારણી નં.** ૪.૪.૩ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૩૩.૩ ટકા ઉત્તરદાતા કુટુંબની મરજીથી જીવનસાથીની પસંદગી કરતા જોવા મળે છે, જે પ્રમાણ સોથી વધુ જોવા મળે છે. કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૬.૭ ટકા ઉત્તરદાતા નોકરીને ધ્યાનમાં રાખી જીવનસાથીની પસંદગી કરતા જોવા મળે છે.

૫૪. **સારણી નં.** ૪.૪.૪ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૯૧.૫ ટકા ઉત્તરદાતા હિન્દુ ધાર્મિક વિધિથી લગ્ન કરતા જોવા મળે છે. કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૪.૧ ટકા ઉત્તરદાતા કોર્ટમાં લગ્ન કરતા જોવા મળે છે, તો ૪.૪ ટકા ઉત્તરદાતાએ મંદિરમાં સાદગીથી લગ્ન કરેલ છે.

૫૫. **સારણી નં.** ૪.૪.૫ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૯૩.૭ ટકા ઉત્તરદાતાનું માનવુ છે કે આર્થિક ઉપાર્જનમાં સ્ત્રીઓએ મદદરૂપ થવું જોઈએ. જ્યારે ૬.૩ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રીઓએ આર્થિક ઉપાર્જનમાં મદદરૂપ થવું જોઈએ નહીં.

૫૬. **સારણી નં.** ૪.૪.૬ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૫૭.૮ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રીઓને સ્વતંત્ર રીતે નિર્ણય લેવાનો અધિકાર છે. જ્યારે ૪૨.૨ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રીઓને સ્વતંત્ર નિર્ણય લેવાનો અધિકાર નથી.

૫૭. **સારણી નં.** ૪.૪.૭ મુજબ કુલ ઉતરદાતામાંથી ૬૦.૭ ટકા ઉતરદાતાનું માનવું છે કે ઘરકામમાં ઘરના બધા સભ્યોએ મદદરૂપ થવું જોઈએ .જ્યારે ૩૯.૩ ટકા ઉતરદાતાનું માનવું છે કે ઘરકામ માત્ર સ્ત્રીઓએ જ કરવું જોઈએ.

૫૮. **સારણી નં.** ૪.૪.૮ મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૮૭.૮ ટકા ઉત્તરદાતાને કુટુંબ નિયોજનના સાધન અંગેની જાણકારી જોવા મળે છે. જ્યારે ૧૨.૨ ટકા ઉત્તરદાતાને કુટુંબ નિયોજનના સાધન અંગેની કોઈ પણ પ્રકારની માહિતી નથી.

૫૯. **સારણી નં.** ૪.૪.૯ મુજબ કુલ ઉત્તરદાતામાથી સૌથી વધુ ૪૦.૪ ટકા ઉત્તરદાતા બે બાળકો વચ્ચે ત્રણ વર્ષનું અંતર રાખવું જોઈએ તેવું માનતા જોવા મળે છે.

## વિભાગ-૫ ઉત્તરદાતાના શૈક્ષણિક પરિસ્થિતિ વિષયક તારણો અને નિષ્કર્ષ

૬૦. **સારણી નં.** ૪.૫.૧ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૮૬.૩ ટકા ઉત્તરદાતા દિકરી દિકરા બન્ને ને ભણાવવાની તરફેણ કરતા જોવા મળે છે. કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૩.૦ ટકા ઉત્તરદાતા દિકરીને ભણાવવાની તરફેણ કરતા જોવા મળે છે.

૬૧. **સારણી નં.** ૪.૫.૨ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૫૫.૨ ટકા ઉત્તરદાતા દિકરીને ભણે ત્યાં સુધી ભણાવાય તેવું માનતા જોવા મળે છે.કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૧૦.૦ ટકા ઉ.દા. દિકરીને ઉચ્ચ માધ્યમિક સુધી ભણાવવાનો મત ધરાવે છે.

૬૨. **સારણી નં.** ૪.૫.૩ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૫૨.૬ ટકા ઉત્તરદાતા દિકરીનું ભવિષ્ય સુધરે તે માટે દિકરી ને ભણાવતા હોવાનું જણાવે છે.કુલ ઉત્તરદાતામાથી સૌથી ઓછા ૩.૭

ટકા ઉત્તરદાતા દિકરી તેના બાળકોને સારું ભવિષ્ય આપી શકે તે માટે ભણાવતા હોવાનું જણાવે છે.

## વિભાગ-૬ ઉત્તરદાતાના ધાર્મિક જીવન અંગેની પરિસ્થિતિ વિષયક તારણો અને નિષ્કર્ષ

૬૩. **સારણી નં. ૪.૬.૧** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૨૧૮ ઉત્તરદાતા પાપ પુણ્યમાં માને છે જેમાંથી ૧૭૭ ઉત્તરદાતા ભૃણહત્યાને પાપ ગણે છે અને ૪૧ ઉત્તરદાતા ભૃણહત્યાને પાપ ગણતા નથી. કુલ ઉત્તરદાતામાંથી ૫૨ ઉત્તરદાતા પાપ-પુણ્યમાં માનતા નથી જેમાંથી ૪૯ ઉત્તરદાતા ભૃણહત્યાને પાપ ગણે છે અને 3 ઉત્તરદાતા ભૃણહત્યાને પાપ ગણતા નથી

૬૪. **સારણી નં. ૪.૬.૨** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૧૫૧ ઉત્તરદાતાઓ દિકરાના જન્મ માટે બાધા રાખે છે, જેમાંથી ૮૫ ઉત્તરદાતા દિકરો વારસો જાળવે તે માટે બાધા રાખતા જોવા મળે છે, જે પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. જ્યારે કુલ ઉત્તરદાતામાંથી ૧૧૯ ઉત્તરદાતાઓ દિકરાના જન્મ માટે બાધા રાખતા જોવા મળતા નથી.

૬૫. **સારણી નં. ૪.૬.3** મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૮૪ ટકા ઉત્તરદાતાને ભગવાન કે દેવી દેવતા પ્રત્યે આસ્થા વિશ્વાસ પૂરેપુરા છે જયારે ૧૫.૯૩ ટકા લોકોને દેવી દેવતા કે ભગવાનમાં વિશ્વાસ રહેલો નથી.

૬૬. **સારણી નં. ૪.૬.૪** મુજબ મોટાભાગના ૮૮.૫૨ ટકા ઉત્તરદાતાઓ ભૂતપ્રેતમાં વિશ્વાસ રાખતા નથી. માત્ર ૧૧.૪૮ ટકા લોકોને એવું લાગે છે કે ભૂતપ્રેત હોય છે.

૬૭. **સારણી નં. ૪.૬.૫** મુજબ મોટાભાગના ૬૩.૭૦ ટકા ઉત્તરદાતા હાલમાં પણ ભગવાનમાં અને બાધા આખડી રાખવામાં માને છે જયારે ૩૬.૩૦ ટકા લોકો આવી બાધા આખડી રાખતા નથી.

૬૮. **સારણી નં. ૪.૬.૬** મુજબ કુલ ઉત્તરદાતાઓ પૈકી મોટા ભાગના ૮૩.૩૩ ટકા ઉત્તરદાતા ધાર્મિક કાર્યોમાં ફંડફાળો આપે છે.

૬૯. **સારણી નં. ૪.૬.૭** મુજબ શુકન અપશુકનમાં માનનારા અને શુકન અપશુકનમાં ન માનનારા ઉત્તરદાતાની સંખ્યા લગભગ સરખી જ છે.

૭૦. **સારણી નં. ૪.૬.૮** મુજબ મોટાભાગના ઉત્તરદાતા પોતાના ધાર્મિક વિધિ વિધાનમાં ભાગ લે છે જયારે માત્ર ૬.૬૬ ટકા લોકો જ કોઈ જ વિધિ વિધાનમાં ભાગ લેતા નથી. આથી કહી શકાય કે મોટાભાગના લોકો ધાર્મિક વિધિ વિધાનમાં પુરી શ્રધ્ધા ધરાવે છે.

## વિભાગ-૭ સ્ત્રી ભૃણહત્યા અંગેની પરિસ્થિતિ વિષયક તારણો અને નિષ્કર્ષ

૭૧. **સારણી નં. ૪.૭.૧** મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૮૮.૧૫ ટકા ઉત્તરદાતાના મતે સ્ત્રી ભૃણહત્યા એટલે દિકરીને ગર્ભમાંજ મારી નાખવી તેવુ માનતા જોવા મળે છે જેનો સીધો અર્થ થાય છે કે ૮૮.૧૫ ટકા લોકોને સોનોગ્રાફી દ્વારા માતાના ગર્ભમાં જ જાતિ જાણી લે છે અને ત્યાર બાદ કોઈને કોઈને રીતે સ્ત્રી ભૃણ હોય તો તેને દુર કરવાની પ્રકિયાને સ્ત્રી ભૃણહત્યા કહેવામાં આવે છે એવું સ્પષ્ટ જ્ઞાન છે જયારે કુલ ઉત્તરદાતાના માત્ર ૧૧.૮૫ ઉત્તરદાતાને એ સ્પષ્ટ જ્ઞાન નથી કે સ્ત્રી ભૃણ હત્યા હત્યા એટલે માતાના ઉદરમાંજ જાતિ નક્કી થયા પછી સ્ત્રી બાળ હોય તો તેનો નિકાલ કરવો કે મારી નાખવું.

૭૨. **સારણી નં. ૪.૭.૨** મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૩૧.૪૮ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રીભૃણ હત્યા

માટે ડોક્ટર જવાબદાર છે,તો ૨૮.૫૨ ટકા ઉત્તરદાતા સાસુને સ્ત્રીભ્રુણ હત્યા માટે જવાબદાર માને છે. ૧૮ ટકા ઉત્તરદાતા પતિને અને ૧૫.૧૯ ટકા સ્ત્રી પોતે જવાબદાર છે એવું ઉત્તરદાતાનું માનવું છે એક નોંધનીય બાબત એ છે કે સૌથી ઓછા ૬.૬૬ ટકા ઉત્તરદાતાનું કહેવું છે કે સસરા પણ જવાબદાર છે.

૭૩. **સારણી નં.** ૪.૭.૩ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૪૫.૯ ટકા ઉત્તરદાતાના મતે દિકરો વંશ વેલો ચલાવે છે એવી સામાજિક માન્યતાના કારણે સ્ત્રી ભ્રૃણહત્યા થતી હોય તેવું માનતા જોવા મળે છે. જ્યારે કુલ ઉત્તરદાતામાંથી સૌથી ઓછા ૨.૨ ટકા ઉત્તરદાતાના મત પ્રમાણે દહેજ જેવી સામાજીક માન્યતાના કારણે સ્ત્રી ભ્રૃણહત્યા થતી જોવા મળે છે.તો ૨૦ ટકા ઉત્તરદાતાનું કહેવું છે કે દિકરી તો પારકી થાપણ માનવામાં આવતી હોવાથી તેનું મહત્વ નથી તથા ૨૦ ઉત્તરદાતા દિકરાને ઘડપણમાં સાચવે છે તેથી દિકરી કરતા દીકરાનું મહત્વ વધારે હોવાના કારણે પણ સ્ત્રી ભ્રૃણહત્યા થવા પાછળ જવાબદાર કારણ છે તેવું માને છે. તો ૧૧.૯ ટકા ઉત્તરદાતાનું કહેવું છે કે દિકરીની હવે સમાજમાં સલામતી રહી નથી તેથી પણ સ્ત્રી ભ્રૃણહત્યા થવા અંગે કારણ ગણાવે છે.

૭૪. **સારણી નં.** ૪.૭.૪ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૩૮.૫૨ ટકા ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે શિશુની જાતિ માટે બાળકના માતા પિતા બંનેના રંગ સૂત્ર જવાબદાર હોય છે. જયારે ૩૨.૯૬ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે પિતાના રંગસૂત્ર બાળકની જાતિ માટે જવાબદાર હોય છે જયારે ૨૮.૫૨ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે બાળકની જાતિ માટે (બાબો કે બેબી) માતાના રંગસૂત્ર જવાબદાર છે.

૭૫. **સારણી નં.** ૪.૭.૫ મુજબ કુલ ઉત્તરદાતામાથી સૌથી વધુ ૪૯.૬ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રી ભૃણ હત્યા માટે સામાજિક કારણ જવાબદાર છે. જયારે ૩૧.૫ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રી ભૃણહત્યા હત્યા થવા પાછળ આર્થિક કારણ પણ જવાબદાર છે.જ્યારે કુલ ઉત્તરદાતામાથી સૌથી ઓછા ૬.૩ ટકા ઉત્તરદાતાના જણાવ્યા મુજબ શૈક્ષણિક કારણ જવાબદાર ગણવામાં આવે છે.

૭૬. **સારણી નં.** ૪.૭.૬ મુજબ કુલ ઉત્તરદાતામાંથી સોથી વધુ ૮૯.૬ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે ઓપન જ્ઞાતિના સમાજમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જ્યારે માત્ર ૦.૪ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે એસ.ટી સમાજમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

૭૭. **સારણી નં.૪.૭** ૭.મુજબ કુલ ઉત્તરદાતામાંથી ૯૦ ટકા ઉત્તરદાતા બાળકની જાતિ નક્કી કરવા માટે સોનોગ્રાફી જેવા આધુનિક સાધનોનો ઉપયોગ થતો હોવાનું માને છે.૬ પણ .૭ ટકા ઉત્તરદાતા દાયણો દ્વારા જાતિ નક્કી થતી હોવાનું માને છે.૨ સૌથી ઓછા .૬ ટકા ઉત્તરદાતા પ્રી ઈમ્પ્લાન્ટેશન દ્વારા જાતિ નક્કી થતી હોવાનું માને છે.

૭૮. **સારણી નં.** ૪.૭.૮ મુજબ કુલ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ ૮૦ ટકા ઉત્તરદાતા સ્ત્રી પુરૂષ અસમાનતા માટે સ્ત્રીભૃણ હત્યાને જવાબદાર ગણાવે છે. જ્યારે ૨૦ ટકા ઉત્તરદાતા સ્ત્રીપુરૂષ અસમાનતા માટે સ્ત્રીભૃણ હત્યાને જવાબદાર ગણાવતા નથી.

૭૯. **સારણી નં. ૪.૭.૯** મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૩૬.૩ ટકા ઉત્તરદાતા પુરૂષ પ્રધાન સમાજ રચનાને કારણે સ્ત્રી પુરૂષ અસમાનતા જોવા મળે છે તેવું માને છે. તો ૩૩ ટકા ઉત્તરદાતાનું માનવું છે કે સ્ત્રીઓનો દરજ્જો પુરૂષો કરતા નીચો હોવાના કારણે સ્રી-પુરુષની અસામાનતા માટે જવાબદાર માનવામાં આવે છે. ૧૬.૭ ટકા ઉ.દા. પુત્ર જન્મની ઘેલછાના કારણે સ્ત્રી-પુરૂષની અસમાનતા જોવા મળે છે તેવું માનતા જોવા મળે છે.

૮૦. **સારણી નં. ૪.૭.૧૦** મુજબ કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ૭૧.૧ ટકા ઉત્તરદાતા સ્ત્રી પુરૂષ સમાનતા માટે સ્ત્રીઓને સમાન મહત્વ આપવા અંગેની હિમાયત કરવા જણાવે છે.જ્યારે માત્ર ૧.૧ ટકા ઉત્તરદાતા સંતાનને સારા સંસ્કાર આપવાથી સ્ત્રી પુરૂષ સમાનતા આવે તેવું જણાવતા જોવા મળે છે.

## ૫.૩ ક્રિયાત્મક પગલાંઓ (ભલામણો)

- ❖ આ ક્ષેત્રમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ, કર્મશીલો અને સરકારી સંસ્થાઓએ તેમના કાર્યો અને નીતિ ઘડતરમાં મહિલાંઓના ઘટતાં પ્રમાણ અંગે કાર્યક્રમો હાથ ધરીને નક્કર આયોજનો કરવાં જોઈએ.
- ❖ આ અભ્યાસથી માણસા તાલુકાઓની સ્ત્રીઓની મુશ્કેલીઓ, અન્યાય, શોષણ તથા પડકારો પર પ્રકાશ પાડીને વિવિધ માધ્યમો દ્વારા બૃહદ સમાજ સુધી આ અંગેની કડવી વાસ્તવિકતાઓને પહોંચાડવી જોઈએ.
- ❖ માણસા તાલુકાના લોકોનું અન્ય સમાજ અને સરકાર વચ્ચેના આદાન-પ્રદાન અને આંતરક્રિયા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોએ નક્કર પ્રયાસો હાથ ધરવાં.
- ❖ માણસા તાલુકાના નાગરિકોમાં પોતાના વિશેની સમજણ વધારવા માટે તથા સ્ત્રીઓનું ઘટતું જાતિ પ્રમાણની સમસ્યાના નિવારણની પ્રક્રિયાને ગતિ આપવા પ્રયાસો હાથ ધરવાં.
- ❖ આ ઉપરાંત ભાવિ વિદ્યાર્થી સંશોધકોને નવી માહિતી, જ્ઞાન, સંદર્ભ સાહિત્ય અને પ્રેરણા મળી રહે તે માટે પ્રસ્તુત સંશોધનનો શક્ય તેટલો પ્રચારપ્રસાર - .કરવો
- ❖ ગર્ભજાતિ પરીક્ષણ કરવું કે કરવાની માંગણી કરવી તે ગુન્હો હોવા છતાં પણ હાલમાં છાની છુપી રીતે ગર્ભજાતિ પરીક્ષણ થાય છે તેવું સમાજમાંથી જાણવા મળે છે. તેથી જાતિ પરીક્ષણ પ્રતિબંધક અધિનિયમના કડક અમલીકરણની તાતી જરૂરીયાત લાગે છે .
- ❖ અમુક સમાજમાં દિકરીના પતિને ઘર જમાઈ રાખવામાં આવે છે અને પરિવારનો વંશવારસો સંભાળે છે .આ રીતે દિકરી લગ્ન બાદ જમાઈને પિતાના ઘરે રાખીને માતા પિતાનો વંશ વારસો સંભાળે તેમાં કંઇ ખોટું નથી, તેથી આ બાબતનો સમાજ સન્માનજનક સ્વીકાર કરે તો પણ સ્ત્રી ભૃણહત્યા આપોઆપ ઘટી શકે છે.
- ❖ દરેક બાળકી અને સ્ત્રીની તમામ પ્રકારે સુરક્ષા વધે તે માટે સમાજ અને સરકાર દ્વારા પ્રયાસો વધારવાની જરૂરિયાત છે.
- ❖ સ્ત્રી સુરક્ષાને લગતા અનેક કાયદાઓ અમલી છે છતાં પણ સ્ત્રીની સુરક્ષા સંપૂર્ણ થતી નથી અને રોજબરોજ સ્ત્રીઓ, બાળકો પર અત્યાચાર, દુષ્કર્મોનું પ્રમાણ વધતું જાય છેત્યારે , દુષ્કર્મોનું પ્રમાણ ઘટે તેના માટે સમાજ અને સરકારે

દુષ્કર્મો વધવાના કારણો તપાસીને તેના પર કડક કાર્યવાહી કરવી જોઈએ.

- ❖ ટી.વી,. મોબાઈલ, વર્તમાનપત્ર કે સામયિકોમાં અને ઈન્ટરનેટ પર અશ્લીલ દ્રશ્યો ,પોર્ન ફિલ્મો વગેરે સદંતર બંધ કરીને સમાજમાં સંસ્કારોનું સિંચન થાય તેવું સાહિત્ય પ્રોગ્રામો બતાવવા જોઈએ.
- ❖ ઘરકામમાં દિકરી અને દિકરાની સમાન ભાગીદારી હોવી જોઈએ જેથી બાળપણમાં જ બન્નેનું ઘડતર ,સંસ્કાર અને ઉચ્ચનીચના ભેદભાવ દૂર થઇ શકે.
- ❖ સામાજિક ,આર્થિક ,ધાર્મિક ,રમતગમત, શૈક્ષણિક વગેરે ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારી વધે તેવા પ્રયાસો પરિવાર ,સમાજ અને સરકાર તરફથી વધવા જોઈએ .
- ❖ સ્ત્રીઓ પર ઘર, પરિવાર અને સંતાન ઉછેરની મોટામાં મોટી જવાબદારી છે , તેને પરિવાર થકી ઓછી કરી શકાય. જેમ કે દરેક વ્યક્તિએ પોતાનું કામ જાતે કરવું, જેથી કરીને સ્ત્રીને પોતાના વિકાસ ,કૌશલ્ય ,શિક્ષણ કે સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરવા માટે સમય મળે . સમાજઅને દેશના વિકાસ માટે સ્ત્રીઓની કળા ,કૌશલ્ય ,બુધ્ધિક્ષમતાનો લાભ મળે અને દેશના વિકાસમાં ભાગીદારી મળી શકે.
- ❖ તમામ ક્ષેત્રે સ્ત્રીઓને સમાન દરજ્જો મળે તે માટે સમાજસંસ્થાઓ , અને સરકાર તરફથી પ્રયાસ થવા જોઈએ.
- ❖ પુરુષ વર્ગને સ્ત્રીઓના કાનૂની અધિકારો ,સામાજિક અધિકારો ,ધાર્મિક અધિકારો વગેરે અધિકારો બાબતે જાગૃત કરીને સ્ત્રીને તેમના અધિકારો આપવામાં કોઈ પણ પુરુષ તત્પર બંને તે માટે પુરુષોની જાગૃતિ અને સંસ્કાર માટેના પ્રયાસો થવા જોઈએ.
- ❖ જ્યાં જ્યાં સ્ત્રીઓનો દરજ્જો નીચો છે એવી માન્યતા છે તે તમામ ક્ષેત્રે એટલે કે સામાજિક ,આર્થિક ધાર્મિક ,કૌટુંબિક , શૈક્ષણીક વગેરે ક્ષેત્રે દ્રષ્ટિપાત કરીને સ્ત્રીઓને પૂરુષથી નિમ્ન નથી તેવા પ્રયાસ સમાજ અને સરકાર તરફથી થવા જોઈએ અને સામાજિક કાર્ય કરતી સંસ્થાઓ પણ આ બાબતે કાર્ય કરી શકે.
- ❖ અમુક સામાજિક કુરિવાજો સદંતર બંધ થવા જોઈએ દા.ત સ્ત્રીઓએ માસિક ધર્મમાં મંદિરે ન જવાય ,સ્ત્રી હોવાથી પરિવારના મહત્વના કાર્યમાં પોતાની રાય કે પક્ષ ના રાખી શકાય ,સ્ત્રીઓએ કરિયાવર ફરજીયાત લઇ જવો પડે .આ અને આવા અનેક કુરિવાજો સમાજમાંથી દૂર થવા જોઈએ.

**સંદર્ભસૂચિઃ**


1. *પટેલ ડૉ. મફતલાલ, મહિલા અને માનવ અધિકારો, રન્નાદે પ્રકાશન ગાંધીરોડ, અમદાવાદ, 2001*
2. *દેસાઈ દિનેશ, સ્ત્રીની આરપાર, નવભારત સાહિત્ય મંદિર ગાંધીરોડ અમદાવાદ. 2003*
3. *ઉનડકટ ગીતા (2005) સ્ત્રી- દીકરી પત્ની માતા અઢિયા ઈન્ટરનેશનલ, અમદાવાદ-380015*
4. *માંડલિયા ધ્રુજા- પાલવની પીડા- આર આર શેઠની કંપની મુંબઈ પ્રથમ આવૃતિ મે. 2005*
5. *ડૉ. વિનુભાઈ પટેલ અને ડૉ. કસ્વેકર આરતી, સ્ત્રી ભ્રુણહત્યા અટકાવીએ, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, નારણપુરા, અમદાવાદ ત્રીજી આવૃત્તિ 11 માર્ચ 2006*
6. *પટેલ ડૉ જ્યંતી એ. "સ્ત્રી ભ્રુણહત્યા રોકો બેટી બચાવો" કુસુમ પ્રકાશન, જી.પી.ઓ પાસે અમદાવાદ-પ્રથમ આવૃત્તિ એપ્રિલ 2007*